DGFT દ્વારા ગોલ્ડ ઇમ્પોર્ટ પર કડક નિયંત્રણો અમલમાં મુકાયા

હવેથી 100 કિલોની મર્યાદામાં જ ગોલ્ડ ઈમ્પોર્ટ કરી શકાશે

ઈમ્પોર્ટ ગોલ્ડમાંથી 50 ટકા ગોલ્ડના દાગીના બનાવીને એક્સપોર્ટ કર્યા બાદ જ નવા ઈમ્પોર્ટની મંજૂરી મળશે

સુરતઃ દેશભરમાં ગોલ્ડ ઇમ્પોર્ટ માટે DGFT દ્વારા નિયમોમાં કડકાઈ લાવવામાં આવી છે. જેના કારણે હવે ગોલ્ડ ટ્રેડ અને જ્વેલરી ઉદ્યોગમાં વધુ શિસ્ત અને જવાબદારી સુનિશ્ચિત થવાની અપેક્ષા વ્યક્ત થઈ રહી છે. નવી માર્ગદર્શિકાઓ મુજબ હવે ગોલ્ડ ઇમ્પોર્ટ માટે 100 કિલોગ્રામની મર્યાદા નક્કી કરવામાં આવી છે. અત્યાર સુધી કેટલાક કિસ્સાઓમાં મોટા પ્રમાણમાં ગોલ્ડ આયાત થતી હોવાના કારણે દેખરેખ અને મોનિટરિંગમાં મુશ્કેલીઓ ઊભી થતી હતી. નવી મર્યાદા દ્વારા અસરકારક નિયંત્રણ શક્ય બનશે.

DGFTએ એડવાન્સ ઓથોરાઈઝેશન યોજના હેઠળ ઇમ્પોર્ટ માટે પણ સ્પષ્ટ નિયમો નક્કી કર્યા છે. ખાસ કરીને નવી ફેક્ટરીઓ માટે ફિઝિકલ વેરિફિકેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે, જેથી માત્ર વાસ્તવિક અને કાર્યરત એકમોને જ ગોલ્ડ આયાતની મંજૂરી મળી શકે. આ પગલાંથી કાગળ પર ચાલતી બોગસ એકમો અથવા ગેરરીતિઓ પર નિયંત્રણ લાવવામાં મદદ મળશે તેવી ધારણા છે. નવી નીતિ મુજબ હવે આયાતકર્તા એકમોને આગળની મંજૂરી ત્યારે જ મળશે જ્યારે તેઓ નિર્ધારિત એક્સપોર્ટ ફરજમાંથી ઓછામાં ઓછા 50 ટકા દાયિત્વ પૂર્ણ કરશે. આ જોગવાઈથી નિકાસ આધારિત વ્યવસાયમાં જવાબદારી અને અનુપાલન વધશે. તે ઉપરાંત, દરેક 15 દિવસમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) દ્વારા પ્રમાણિત રિપોર્ટ રજૂ કરવો ફરજિયાત બનાવાયો છે. નિયમિત રિપોર્ટિંગથી ગોલ્ડના ઉપયોગ, સ્ટોક અને નિકાસ સંબંધિત વિગતો પર સતત નજર રાખી શકાશે.

આ અંગે ઇન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન ગુજરાતના રાજ્ય અધ્યક્ષ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે, DGFTના આ નવા પગલાં ગોલ્ડ ઇમ્પોર્ટ વ્યવસ્થાને વધુ પારદર્શક, જવાબદાર અને સુવ્યવસ્થિત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. ઉદ્યોગજગત માટે શરૂઆતમાં કેટલીક પ્રક્રિયાત્મક કડકાઈ અનુભવાઈ શકે છે, પરંતુ લાંબા ગાળે આ નિયમો ગેરરીતિઓ અટકાવવામાં અને વિશ્વસનીયતા વધારવામાં સહાયક બનશે.

સુરતની નવી સિવિલમાં બનશે હાઈટેક PM સેન્ટર

રૂ.3.6 કરોડના ખર્ચે બનનારા આધુનિક સેન્ટરમાં 75 મૃતદેહ રાખી શકાશે

સુરતઃ સુરત શહેરની સૌથી મોટી સરકારી આરોગ્ય સંસ્થા એવી સુરત નવી સિવિલ હોસ્પિટલ હવે અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા હાઈટેક પોસ્ટમોર્ટમ સેન્ટર તરફ આગળ વધી રહી છે. હોસ્પિટલના કિડની બિલ્ડિંગ અને ઈમરજન્સી વિભાગ પાછળ અંદાજે રૂ. 3.6 કરોડના ખર્ચે નવા પોસ્ટમોર્ટમ રૂમ અને વિશાળ ક્ષમતાવાળા કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે આયોજન શરૂ કરવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સુરત નવી સિવિલ હોસ્પિટલ માત્ર સારવાર માટે નહીં પરંતુ મૃતદેહ સંભાળ અને આપત્તિ વ્યવસ્થાપન માટે પણ દક્ષિણ ગુજરાતનું કેન્દ્ર બની શકે છે. તાજેતરમાં અમદાવાદમાં બનેલી વિમાન દુર્ઘટના બાદ રાજ્ય સરકાર દ્વારા તમામ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં મોટા પ્રમાણમાં મૃતદેહો સંભાળી શકાય તેવી સુવિધાઓ વિકસાવવા સૂચનાઓ આપવામાં આવી હતી. તે પછી સુરત નવી સિવિલ હોસ્પિટલમાં પણ આ દિશામાં કામગીરીને ઝડપ આપવામાં આવી છે. વિશેષજ્ઞોના મતે, કોઈ મોટી દુર્ઘટના, કુદરતી આપત્તિ અથવા એકસાથે મોટી સંખ્યામાં જાનહાનિ થાય તેવી પરિસ્થિતિમાં મૃતદેહોની ઓળખ, ડીએનએ ટેસ્ટિંગ, કાયદાકીય તપાસ અને યોગ્ય સંભાળ માટે વિશાળ કોલ્ડ સ્ટોરેજ વ્યવસ્થા અત્યંત જરૂરી બની જાય છે. સુરત જેવા ઝડપથી વિસ્તરતા શહેર માટે આવી સુવિધા ભવિષ્યમાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સુરત નવી સિવિલ હોસ્પિટલ દક્ષિણ ગુજરાતમાં આધુનિક પોસ્ટમોર્ટમ અને મૃતદેહ સંભાળની સુવિધા ધરાવતી અગ્રણી સરકારી હોસ્પિટલ તરીકે ઉભરી શકે છે. આરોગ્ય નિષ્ણાતોના મતે, ભવિષ્યમાં આપત્તિ વ્યવસ્થાપન અને ફોરેન્સિક આરોગ્ય સેવાઓ માટે આ સુવિધા મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

હાલની ક્ષમતાથી અનેકગણી વધુ વ્યવસ્થા

હાલમાં હોસ્પિટલમાં અંદાજે 8 મૃતદેહ રાખી શકાય તેવી કોલ્ડ સ્ટોરેજ સુવિધા અને લગભગ 15 મૃતદેહ માટે અલગ કોલ્ડ રૂમ ઉપલબ્ધ છે. હવે એકસાથે 75 મૃતદેહ રાખી શકાય તેવી આધુનિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે.

-6 ડિગ્રીમાં 90 દિવસ સુધી મૃતદેહ રહેશે

હોસ્પિટલના RMO ડો. ડો. કેતન નાયક મુજબ નવા પોસ્ટમોર્ટમ સેન્ટરમાં માઈનસ 6 ડિગ્રી તાપમાન ધરાવતી અદ્યતન કોલ્ડ સ્ટોરેજ સિસ્ટમ ઊભી કરવામાં આવશે. આ સુવિધા દ્વારા મૃતદેહોને અંદાજે 90 દિવસ સુધી સુરક્ષિત રીતે રાખી શકાશે.

આરોગ્યમંત્રીની મુલાકાત બાદ કામગીરીને વેગ

થોડા દિવસો પહેલા રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાણસેરિયા દ્વારા હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન પોસ્ટમોર્ટમ વિભાગની કોલ્ડ સ્ટોરેજ કેબિન સુવિધામાં ખામી હોવાનો મુદ્દો સામે આવ્યો હતો. ત્યારબાદ PIU વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરીને ઉચ્ચ ગુણવત્તાવાળું નવું હાઈટેક મોટ્યુરી કેબિન ઇન્સ્ટોલ કર્યું છે.

PM રૂમમાં આધુનિક ટેક્નોલોજીનો સમાવેશ

પોસ્ટમોર્ટમ વિભાગમાં કેબિનેટ સહિતના તમામ વિભાગોમાં સ્પ્લિટ એસી લગાવવામાં આવશે. સાથે જ દુર્ગંધ નિયંત્રણ, ચેપથી સુરક્ષા અને સ્વચ્છતા જળવાઈ રહે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે. નવી બિલ્ડિંગમાં આધુનિક ડ્રેનેજ સિસ્ટમ, સ્ટેનલેસ સ્ટીલ વર્કસ્ટેશન તેમજ આંતરરાષ્ટ્રીય સુરક્ષા ધોરણોને અનુરૂપ માળખાકીય સુવિધાઓ પણ સામેલ કરવામાં આવશે.

મુંબઈ-ગોરખપુર વચ્ચે નવી સ્પે.ટ્રેન, બે ટ્રેનના ફેરા વધ્યા

જેના ફેરા વધ્યા તેમાં અમદાવાદ-પટના અને મુંબઈ-કાઠગોદામ ટ્રેનનો સમાવેશ

સુરત : રેલવે તંત્ર દ્વારા મુંબઈ અને ગોરખપુર વચ્ચે એક નવી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે, સાથે જ મુસાફરોની ભારે માંગને જોતા અમદાવાદ-પટના અને મુંબઈ-કાઠગોદામ જેવી મહત્વની ટ્રેનોના ફેરામાં પણ વિસ્તરણ કરવામાં આવ્યું છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, મુસાફરોની સુવિધા માટે ટ્રેન નંબર 09157 બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર સ્પેશિયલ રવિવાર, 17 મે, 2026 ના રોજ બાંદ્રા ટર્મિનસથી મધ્યરાત્રિએ 00:30 કલાકે ઉપડશે અને બીજા દિવસે સાંજે 17:30 કલાકે ગોરખપુર પહોંચશે. પરતમાં, ટ્રેન નંબર 09158 ગોરખપુર-બોરીવલી સ્પેશિયલ સોમવાર, 18 મે, 2026 ના રોજ ગોરખપુરથી રાત્રે 20:30 કલાકે ઉપડશે અને બુધવારે સવારે 11:30 કલાકે બોરીવલી સ્ટેશન પર આવી પહોંચશે. બુકિંગ 15 મે, 2026 થી તમામ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે.

આ ટ્રેનના મુખ્ય સ્ટોપેજ ક્યા ક્યા છે?

આ ટ્રેન મુસાફરોની સુવિધા માટે બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ભરતપુર, મથુરા, કાસગંજ, બરેલી, પીલીભીત, સીતાપુર, ગોંડા અને બસ્તી જેવા મહત્વના સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસ કોચની વ્યવસ્થા રાખવામાં આવી છે.

૧૫૫૦ કરોડની ITC કૌભાંડની મુખ્ય સૂત્રધાર પ્રિયંકાનો જેલવાસ લંબાયો

સરકારી તિજોરીને નુકસાન પહોંચાડતાં છેતરપિંડીના કિસ્સામાં કોર્ટનું કડક વલણ

સુરતઃ ૨૪ ફર્મો દ્વારા ૧૫૫૦ કરોડની ફેક ITC કૌભાંડની આરોપી પ્રિયંકા સાદરિયાની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. ડિરેક્ટોરેટ જનરલ ઓફ GST ઈન્ટેલિજન્સ (DGGI) સુરત ઝોનલ યુનિટે દેશવ્યાપી ૧૫૫૦ કરોડ રૂપિયાના ફેક ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) કૌભાંડમાં ગુજરાતની માસ્ટર માઈન્ડ જમીન દલાલ પ્રિયંકા લલિતભાઈ સાદરિયાની રાજકોટથી ધરપકડ કરી હતી. આરોપી પ્રિયંકાએ આ કેસમાં જામીનમુક્ત થવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. આરોપી તરફે વકીલે મહિલા આરોપીની ધરપકડ કરતી વખતે મહિલા અધિકારી હાજર હોવી જોઈએ તેવા નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનો આક્ષેપ સાથે જામીન અરજી મંજૂર કરવા દલીલો કરી હતી. જ્યારે ડીજીજીઆઈના ખાસ સરકારી વકીલ ઈમરાન મલેકે દલીલ કરી હતી કે, આરોપી આખા કૌભાંડની મુખ્ય કાવતરાખોર છે. જે ૨૪ નકલી પેઢીઓના જીએસટી રિટર્ન ફાઈલ કરવા માટે ડેટા, લોગઈન આઈડી અને OTP પૂરા પાડતી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી અરજદાર પ્રિયંકા સાદરિયાની જામીન અરજી રદ કરી હતી. અત્રે નોંધનીય છે કે DGGI, સુરત ઝોનલ યુનિટની તપાસમાં પાઠક એન્ટરપ્રાઇઝ, અબ્દુલ ટ્રેડર્સ, શ્રી રાધે એન્ટરપ્રાઇઝમાં તપાસ દરમિયાન ખોટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC)ના ગેરરીતે લાભ લેવો અને અન્યને પાસઓન કરવાનું કૌભાંડ ઝડપાયું હતું. તપાસ દરમિયાન ત્રણેય

ફર્મોની GST રિટર્ન જામનગરથી ફાઈલ થતું હતું, જેમાં જામનગરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બીપીન રમેશભાઈ ભંડારીની ધરપકડ કરી હતી. આ સીએએ GSTR-1 અને GSTR-3B રિટર્ન ફાઈલ કર્યા હતા. જે તે વખતે ડીજીજીઆઈની પૂછપરછમાં બીપીન ભંડેરીએ કબૂલ્યું હતું કે તમામ ફર્મોના GST રિટર્ન પ્રિયંકા સદરિયા દ્વારા સૂચનો, ડેટા, લોગિન ક્રેડેન્શિયલ્સ અને OTPના આધારે ફાઈલ કરવામાં આવતા હતા.

ત્રણ વર્ષમાં ખાંડ ઉત્પાદન સતત ઘટ્યું ખેડૂતો-મિલો પર આર્થિક દબાણ વધ્યું

દક્ષિણ ગુજરાતનો ખાંડ ઉદ્યોગ ગંભીર સંકટમાંઃ MSP વધારો અને નિકાસ નીતિમાં ફેરફારની ખેડૂતોની માંગ

સુરતઃ દેશનો ખાંડ ઉદ્યોગ હાલમાં સંકટમાંથી પસાર થઈ રહ્યો હોવાનું જણાવી સાયણ સુગર મિલના ડિરેક્ટર અને ખેડૂત આગેવાન દર્શનકુમાર એ. નાયકે કેન્દ્ર સરકાર સમક્ષ તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે.

દર્શનકુમાર નાયકે રજૂઆતમાં જણાવ્યું હતું કે, ખાંડ ઉદ્યોગની હાલની પરિસ્થિતિ માટે સૌથી મોટું કારણ સરકાર દ્વારા ખાંડના MSPમાં વધારો ન કરવો છે. શેરડી માટે FRPમાં વધારો થતો હોવા છતાં મિલોને ખાંડ વેચાણમાંથી મળતી આવકમાં અનુરૂપ વધારો થતો નથી. આ પરિસ્થિતિમાં ખેડૂતોને શેરડીના પોષણક્ષમ ભાવ મળતા નથી અને તેમની આવક ઘટી રહી છે.

કેટલાક વિસ્તારોમાં ખેડૂતો શેરડીની ખેતી છોડવાની તૈયારી કરી રહ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. નિકાસ પ્રતિબંધ અને ઓછા બજારભાવના કારણે સુગર મિલો પર આર્થિક દબાણ વધી રહ્યું છે, જેના કારણે તેમની કાર્યક્ષમતા અને ભવિષ્યના રોકાણ પર અસર પડી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ખાંડ ઉદ્યોગનું સંકટ ભવિષ્યમાં ખાંડની સપ્લાયને પણ અસર કરશે અને દેશમાં ખાંડ મોંઘી થવાની સંભાવના છે.

દર્શન નાયકની સરકાર સમક્ષ મહત્ત્વની માંગણીઓ

દર્શન નાયકે જણાવ્યું હતું કે, લાંબા ગાળે યોગ્ય નીતિ ન ઘડાય તો દેશની ખાંડ ઉત્પાદન ક્ષમતા ઉપર ગંભીર અસર પડશે. જેના પરિણામે ખેડૂતો, સુગર મિલો અને ગ્રાહકો ત્રણેયને નુકસાન સહન કરવું પડશે. તેમણે ખાંડ નિકાસ પર મુકાયેલા પ્રતિબંધની સમીક્ષા કરીને આરામદાયક સ્ટોક સ્થિતિમાં મર્યાદિત નિકાસ મંજૂર કરવાની માંગ પણ કરી હતી. સાથે ખેડૂતોને રાહત આપવા ખાતર અને ડીઝલ પર સબસિડી વધારવા તથા એથેનોલ બ્લેન્ડિંગ કાર્યક્રમ અને ખાંડ ઉત્પાદન વચ્ચે સંતુલિત નીતિ ઘડવાની પણ રજૂઆત કરવામાં આવી હતી.

અનુસંધાન ... પાના છેલ્લાનું

સુરત રેલવે...

આવશે. આ ઉપરાંત અન્ય અનેક આયોજનો સાથેનો એક્શન પ્લાન સુરત રેલવે સ્ટેશનના નવિનીકરણની કામગીરી માટે કરવામાં આવશે. સુરત રેલવે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ બનાવવા માટે ચાલી રહેલી કામગીરી હજુ બે વર્ષ ચાલે તેવી સંભાવના હોવાથી આ વિસ્તારમાં હાલમાં ઉદ્ભવતી ભારે ટ્રાફિકજામની સમસ્યાને નિવારવા માટે મ્યુનિ.કમિ. એમ. નાગરાજન, પો.કમિ. અનુપમસિંહ ગેહલોતની આગેવાનીમાં આજે બેઠક કરવામાં આવી હતી અને બેઠકમાં SVNITના તજજ્ઞો દ્વારા ટ્રાફિકના ભારણને ઘટાડવા માટે રજૂ કરાયેલા આયોજનો પર ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા બાદ એક્શન પ્લાન અમલમાં મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સિટકો દ્વારા હાલમાં સુરત રેલવે સ્ટેશનના નવિનીકરણના પ્રોજેક્ટ MMTHની કામગીરી ચાલી રહી છે. આ પ્રોજેક્ટને કારણે ઘણા સમયથી સહારા દરવાજાથી માંડીને વરાછા પોદ્દાર આર્કેડ સુધીનાં વિસ્તારોમાં ભારે ટ્રાફિક જામની સમસ્યા જોવા મળી રહી છે. હાલમાં જ હાથ ધરવામાં આવેલ સરવે દરમિયાન રેલવે સ્ટેશનની પશ્ચિમ બાજુએ રોજનાં આશરે એક લાખ પેસેન્જર કાર સહિત હજારો રિક્ષા અને અન્ય વાહનોની અવર - જવર જોવા મળી રહી છે. એલિવેટેડ બ્રિજની કામગીરીને પગલે આગામી દિવસોમાં રેલવે સ્ટેશન વિસ્તારમાં આ સમસ્યા વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી શકે છે. જેને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કમિશનર નાગરાજન દ્વારા શહેરીજનોને ટ્રાફિક જામની સમસ્યાથી છુટકારો મળે તે માટેની કવાયત હાથ ધરવામાં આવી છે અને જેનાં ભાગરૂપે જ બુધવારનાં રોજ પોલીસ કમિશનર કચેરી ખાતે મનપા અને પોલીસનાં ઉચ્ચાધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં એસવીએનઆઈટીનાં વિશેષજ્ઞો સહિત સિટકો અને ટ્રાફિક પોલીસનાં અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ટેક્સી-ઓટો...

આસપાસનાં વિસ્તારમાં ટ્રાફિકનાં ભારણને ધ્યાને રાખીને ટેક્સી સ્ટેન્ડને જિલ્લા પંચાયતની જમીન પર શિફ્ટ કરવામાં આવશે. આ સિવાય રિક્ષા - બસ અને કાર માટે પણ સિંગલ લેન સિસ્ટમનો અમલ કરવામાં આવશે. જેને કારણે એક વાહન બીજા વાહનની લેનમાં ન પ્રવેશે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે અને આ સ્થિતિને કારણે પણ ટ્રાફિકજામથી રાહત મળશે.

SVNIT દ્વારા...

પશ્ચિમ ભાગને સંપૂર્ણપણે રી-ડિઝાઈન કરવામાં આવશે. આ ડિઝાઇનમાં વાહનોના પ્રવેશ અને નિકાસ માટે અલગ-અલગ માર્ગો નક્કી કરાયા છે. આ નવી ફ્લો પેટર્નથી વાહનો એકબીજા સાથે અથડાશે નહીં અને ટ્રાફિક સતત ગતિમાન રહેશે, જેનાથી મુસાફરોનો સમય બચશે.

અનધિકૃત પાર્કિંગ...

દબાણો દૂર કરવામાં આવશે. ટ્રાફિક પોલીસ દ્વારા નિયમોનું કડક પાલન કરાવવામાં આવશે જેથી રસ્તાઓ ખુલ્લા રહે અને ઈમરજન્સી સમયે પણ વાહનો સહેલાઈથી પસાર થઈ શકે.

હવે બીજા...

કરવામાં આવી હતી. આ મહત્વપુર્ણ ટ્રાયલ પ્રક્રિયા દરમિયાન મેટ્રો ટ્રેનનું આશરે 500 કલાક સુધી સતત રનિંગ કરવાની સાથે તેની વિવિધ સુરક્ષા અને તકનિકી ચકાસણીઓ જી.ઈ.સી તથા જીએમઆરસીના નિષ્ણાતો દ્વારા હાથ ધરાઈ હતી. ત્યારબાદ, દેશની પ્રતિષ્ઠિત સંસ્થા RDSO (રિસર્ચ ડિઝાઇન્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઇઝેશન) અને અન્ય રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા જરૂરી ટેસ્ટિંગ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે, અને આખરી તબક્કામાં CMRS (કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી) દ્વારા અંતિમ સુરક્ષા નિરીક્ષણ કરી મંજૂરી મળતા જ સુરતવાસીઓ માટે મેટ્રો સેવાઓ ખુલ્લી મુકવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત મેટ્રો પ્રોજેક્ટના બે કોરિડોર અંતર્ગત કુલ 40.35 કિલોમીટર લંબાઈ ધરાવતા અને અંદાજે રૂ. 12,020 કરોડના ખર્ચે સાકાર થઈ રહેલા પ્રોજેક્ટની 75% થી વધુ કામગીરી પુર્ણ થઈ ચુકી હોવાનું જીએમઆરસી દ્વારા જણાવાયું છે. આ સમગ્ર પ્રોજેક્ટમાં કુલ 38 સ્ટેશનો તેમજ બે મુખ્ય ડેપો (ડ્રીમ સિટી ડેપો અને ભેસાણ ડેપો)નો સમાવેશ થાય છે. આ કવાયતના ભાગરૂપે, અગાઉ કોરિડોર-1 (નોર્થ-સાઉથ કોરિડોર) હેઠળ ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના 8.5 કિલોમીટરના રૂટ અને 7 સ્ટેશનો પર ગત તા. 29 માર્ચ 2026 થી ટ્રાયલ રન શરૂ કરી દેવામાં આવ્યો હતો, જેની વિવિધ ટેકનિકલ ચકાસણી અને પરીક્ષણ પ્રક્રિયા હાલમાં GEC અને GMRC દ્વારા પ્રગતિમાં છે. હવે કોરિડોર-2 (ઈસ્ટ-વેસ્ટ કોરિડોર) અંતર્ગત પણ 6.5 કિલોમીટરના રૂટ તથા અન્ય 7 સ્ટેશનોના સિવિલ સ્ટ્રક્ચરનું કામ પૂર્ણ કરી લેવાયું છે અને તેના પર આજથી વિધિવત રીતે મેટ્રો ટ્રેનનો ટ્રાયલ રન શરૂ કરી દેવામાં આવ્યો છે.

સુરત શહેર...

અગાઉ સાંજે બંધ થઈ જતા હતા, તે આજે બપોરે જ બંધ કરવાની ફરજ પડી હતી. શહેર અને જિલ્લાના અંદાજે 60 ટકા જેટલા પેટ્રોલ પંપો પર સાંજ પડતા પહેલાં જ પેટ્રોલનો સ્ટોક પૂર્ણ થઈ ગયો હતો. પરિણામે અનેક વિસ્તારોમાં વાહનચાલકોની લાંબી કતારો જોવા મળી હતી અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક સ્થળોએ ટ્રાફિક જામ જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી. દક્ષિણ ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલની સતત વધતી માંગ સામે સરકારી પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા પૂરતો પુરવઠો આપવામાં નહીં આવતાં ઈંધણ સંકટ જેવી સ્થિતિ ઊભી થઈ છે. ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), HPCL અને BPCL જેવી કંપનીઓ દ્વારા જરૂરી પ્રમાણમાં સપ્લાય નહીં મળતાં પેટ્રોલ પંપ સંચાલકો અને ડીલરોમાં ચિંતા ફેલાઈ છે.

સાઉથ ગુજરાત પેટ્રોલિયમ ડિલર્સ એસોસિએશનના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ સહિતના આગેવાનોએ જિલ્લા પુરવઠા અધિકારી સમક્ષ પરિસ્થિતિ અંગે ગંભીર રજૂઆત કરી હતી.

એસોસિએશને જણાવ્યું હતું કે એક જ કંપનીના જુદા જુદા વિસ્તારોમાં આવેલા પેટ્રોલ પંપોને સમાન પ્રમાણમાં ઈંધણ પુરવઠો આપવામાં આવતો નથી. કેટલાક પંપોને રોજના ત્રણ ટેન્કરની જરૂરિયાત હોવા છતાં માત્ર એક કે બે ટેન્કર જ ફાળવવામાં આવી રહ્યા છે. જેના કારણે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ જ પેટ્રોલ ખૂટવાની સ્થિતિ સર્જાઈ રહી છે. બેઠક દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ સૂચનો પણ આપવામાં આવ્યા હતા. પેટ્રોલ પંપોને માત્ર ડાયરેક્ટ ગ્રાહકોને જ ઈંધણ આપવા, કેરબા અથવા ક્રેન જેવા ડબ્બાઓમાં પેટ્રોલ ન આપવા અને સીધું વાહનમાં જ ઈંધણ ભરવાની સૂચના આપવામાં આવી હતી.અનાવશ્યક સ્ટોકિંગ અટકાવવા માટે આ પગલાં લેવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું.સ્ટેક હોલ્ડરોની રજૂઆતો બાદ જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું હતું કે હાલ ઉભી થયેલી સમસ્યાના નિરાકરણ માટે પેટ્રોલિયમ કંપનીઓ સાથે સતત ચર્ચા ચાલી રહી છે અને આગામી ત્રણ દિવસમાં પુરવઠાની સ્થિતિ સામાન્ય બનશે તેવી ખાતરી કંપનીઓ દ્વારા આપવામાં આવી છે. બીજી તરફ શહેરના જહાંગીરપુરા, રાંદેર, અડાજણ પાટિયા સહિતના વિસ્તારોમાં અનેક પેટ્રોલ પંપો પર બપોર બાદ જ સ્ટોક પૂર્ણ થઈ જતાં વાહનચાલકો ચોકબજાર કિલ્લા મેદાન નજીક આવેલા પેટ્રોલ પંપો તરફ દોડી આવ્યા હતા. ત્યાં મોટી સંખ્યામાં વાહનો ઉમટી પડતાં ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. ડીલરોનું માનવું છે કે જો પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા તાત્કાલિક પૂરતો પુરવઠો ઉપલબ્ધ નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં સ્થિતિ વધુ ગંભીર બની શકે છે અને શહેર-જિલ્લામાં વાહન વ્યવહાર તથા રોજિંદી જનજીવન પર પણ તેની સીધી અસર પડી શકે છે.

24 કલાકમાં...

હતું. તેમાં પેટ્રોલનું વેચાણ ૧૪.૭૯ લાખ લીટર જ્યારે ડિઝલનું વેચાણ ૬૧.૭૪ લાખ લીટર થયું હતું.

વેચાણ બાદ પણ વિવિધ ઓઈલ કંપનીઓ પાસે કુલ ૭૨.૯૨ લાખ લીટર પેટ્રોલ અને ૧.૧૩ કરોડ લીટર ડિઝલનો સ્ટોક ઉપલબ્ધ હોવાથી નજીકના દિવસોમાં ઈંધણની અછત સર્જાય તેવી કોઈ શક્યતા હાલ દેખાતી નથી. આંકડાઓ મુજબ સુરતમાં ડિઝલની માંગ પેટ્રોલ કરતાં ઘણો વધારે પ્રમાણમાં જોવા મળી રહી છે. શહેર અને જિલ્લાના ટેક્સટાઇલ, ટ્રાન્સપોર્ટ તથા ઔદ્યોગિક ક્ષેત્રોમાં ભારે વાહન વ્યવહારને કારણે ડિઝલનું વપરાશ ઊંચું રહે છે.

ચોવીસ કલાક દરમિયાન થયેલા કુલ વેચાણમાં ડિઝલનો હિસ્સો સૌથી વધુ રહ્યો હતો. ઓઈલ કંપનીઓના સ્ટોક મુજબ ઇન્ડિયન ઓઈલ (IOCL), હિંદુસ્તાન પેટ્રોલિયમ (HPCL) અને ભારત પેટ્રોલિયમ (BPCL) પાસે પેટ્રોલ અને ડિઝલ બંનેનો નોંધપાત્ર જથ્થો ઉપલબ્ધ છે.

ખાસ કરીને IOCL અને BPCL પાસે પેટ્રોલ તથા ડિઝલનો સૌથી વધુ સ્ટોક નોંધાયો હતો.

સપ્લાય વ્યવસ્થા...

વેચાણ થઈ રહ્યું છે અને કોઈ પ્રકારની પેનિક બાયિંગ જેવી સ્થિતિ સર્જાઈ નથી. તંત્ર દ્વારા પણ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને જરૂરી જેટલું જ ઈંધણ ભરાવવા અપીલ કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓના વાઈવા...

યુનિવર્સિટી પાસે ઉપલબ્ધ બે ઈલેક્ટ્રિક વાહનો ફરી શરૂ કરવામાં આવ્યા છે, જેના માધ્યમથી એક વિભાગથી બીજા વિભાગ સુધી સરળતાથી જઈ શકાશે. આ ઉપરાંત, કોલેજો શરૂ થયા બાદ કેમ્પસમાં દર અઠવાડિયે એક દિવસ ફરજીયાત "નો વ્હિકલ ડે"અમલમાં મૂકવાની પણ તૈયારી હાથ ધરાઈ છે. આ પહેલથી ઈંધણ બચત સાથે પ્રદૂષણ ઘટાડવામાં પણ મદદ મળશે.

પશુપાલકોને સુમુલ 75માં વર્ષની ઉજવણીમાં રેકોર્ડ ભાવફેર ચૂકવશે

પ્રતિ કિલોફેટ રૂ.120 બોનસની કસ્ટોડિયન જાહેરાત, કુલ રૂ.425 કરોડથી વધુ રકમ સભાસદોના ખાતામાં જશે

સુરતઃ સુમુલ ડેરીના કસ્ટોડિયન દ્વારા તેના સ્થાપનાના 75મા વર્ષ નિમિત્તે સુરત અને તાપી જિલ્લાના પશુપાલકો માટે રેકોર્ડ બ્રેક વિશેષ બોનસ જાહેર કરવામાં આવ્યું છે. મોનસૂન પૂર્વે પશુપાલકોના ખાતામાં કુલ રૂ.425 કરોડથી વધુ રકમ જમા થશે.

સુમુલના કસ્ટોડીયન દ્વારા કરાયેલી જાહેરાત મુજબ નાણાકીય વર્ષ 2025-26 માટે ભાવફેર (રિટેન્શન મની) પેટે પ્રતિ કિલોફેટ દીઠ રૂ.120 ચૂકવવામાં આવશે. આ રકમ મે માસના દૂધ બિલ સાથે સીધી સભાસદોના ખાતામાં જમા કરવામાં આવશે. ગત વર્ષે સુમુલે પ્રતિ કિલોફેટ દીઠ રૂ.110 બોનસ ચૂકવ્યો હતો અને તેમાં રૂ.10 કપાત રાખવામાં આવી હતી, સુમુલ ડેરીએ જણાવ્યું હતું કે વર્ષ 2025-26 દરમિયાન અંદાજિત સરેરાશ પ્રતિ કિલોફેટ રૂ.870 દૂધ ખરીદી ભાવ ચૂકવવામાં આવ્યો છે. તેની સાથે બીસીયુ ફેટફેર તરીકે અંદાજિત રૂ.30 અને હવે જાહેર કરાયેલા રૂ.120ના ભાવફેરનો ઉમેરો થતાં પશુપાલકોને કુલ મળીને પ્રતિ કિલોફેટ દીઠ અંદાજિત રૂ.1010ની ચૂકવણી થશે. સુમુલનો આ દર સમગ્ર ગુજરાતમાં ડેરી ફેડરેશનોમાં સર્વાધિક ગણાવવામાં આવી રહ્યો છે. સંઘનું વાર્ષિક ટર્નઓવર પણ પ્રથમવાર રૂ.6500 કરોડને પાર પહોંચ્યું હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

પશુપાલકોમાં ખોટી ગેરસમજ ફેલાવતી પત્રિકા વહેતી કરનાર સામે સુમુલ લિગલ અભિપ્રાય પછી કાનૂની કાર્યવાહી કરશે

સુમુલ ડેરીના કસ્ટોડિયન દ્વારા કરાયેલી જાહેરાત મુજબ નાણાકીય વર્ષ 2025-26 માટે ભાવફેર (રિટેન્શન મની) પેટે પ્રતિ કિલોફેટ દીઠ રૂ.120 ચૂકવવાની જાહેરાત કરવામાં આવી હોવા છતાં સુમુલના પશુપાલકોને સોશિયલ મીડિયા પોસ્ટ અને વ્હોટસએપ ગ્રુપમાં ઉશ્કેરણી કરતી ખોટી પત્રિકાઓ પોસ્ટ કરનાર ત્રણ લોકો સામે શું કાર્યવાહી કરવી અંગે કાનૂની અભિપ્રાય પછી આગળનો નિર્ણય લેવાશે એમ ડેરીના સૂત્રોએ જણાવ્યું હતું.

નર્મદ યુનિ.માં 'ફાઈન આર્ટસ' અને 'ઈન્ટીરિયર ડિઝાઈન'માં પ્રવેશ શરૂ

ધોરણ-૧૨, ડિપ્લોમા અને ITI પાસ વિદ્યાર્થીઓ માટે સર્જનાત્મક કારકિર્દીની સુવર્ણ તક

સુરતઃ વીએનએસજીયુ દ્વારા GCAS પોર્ટલ મારફતે વિવિધ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. આ અંતર્ગત કલા અને ડિઝાઈન ક્ષેત્રના લોકપ્રિય પ્રોફેશનલ કોર્સ બેચલર ઓફ ફાઈન આર્ટ (BFA) અને બેચલર ઓફ ઈન્ટિરીયર ડિઝાઈન (BID) માટે પ્રવેશ વિગતો જાહેર કરવામાં આવી છે. યુનિવર્સિટી દ્વારા સર્જનાત્મકતા અને કૌશલ્ય આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપતા આ કોર્સ વિદ્યાર્થીઓ માટે વૈશ્વિક કારકિર્દીના નવા માર્ગો ખોલી રહ્યા છે.

યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ જણાવ્યું હતું કે, "આજનો સમય માત્ર ડિગ્રીનો નથી પરંતુ કૌશલ્યનો છે. VNSGU એવા કલાકારો અને ડિઝાઈનર્સ તૈયાર કરે છે, જે પોતાની કલ્પનાશક્તિ દ્વારા આધુનિક વિશ્વમાં નવીનતા લાવી શકે. ફાઈન આર્ટસ અને ઈન્ટીરિયર ડિઝાઈન જેવા ક્ષેત્રોમાં રોજગારી સાથે સ્વ-રોજગારીની પણ વિશાળ તકો ઉપલબ્ધ છે."યુનિવર્સિટી દ્વારા બંને કોર્સ માટે પ્રવેશ લાયકાત સરળ રાખવામાં આવી છે.

ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. ઉપરાંત, માન્ય બોર્ડ દ્વારા સમકક્ષતા પ્રમાણપત્ર ધરાવતા ડિપ્લોમા અથવા ITI (NCVT/GCVT) પાસ વિદ્યાર્થીઓ પણ પ્રવેશ માટે પાત્ર ગણાશે.લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને યુનિવર્સિટી તરીકે 'વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી'પસંદ કરવાની રહેશે અને પોતાની પસંદગી મુજબ BFA અથવા BID કોર્સ પસંદ કરવાનો રહેશે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

મઢી શાખા : મઢી બજાર, મઢી, તા.બારડોલી, જી.સુરત. ફોન નં.02622-242886 ,242032 email : madhi@bankofbaroda.com

કબજા નોટીસ [(સ્થાયી મિલકત માટે) સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧)] હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૩૦.૧૦.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/ ગીરવેદાર **શ્રી વિનોદ કુમાર બિંદ (દેવાદાર) અને શ્રીમતી કમલા બિંદ (સહ-દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૮,૫૯,૬૪૫.૮૩/-(અંકે રૂા. આઠ લાખ ઓગણસાઈઠ હજાર છસો પીસ્તાલીસ અને ત્યાસી પૈસા પુરા) વત્તા અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ધારા ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૩મી મે ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**ની રકમ **રૂા.૮,૫૯,૬૪૫.૮૩/-** વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે " રૂદ્ર રેસીડેન્સી" નામે જાણીતી રેસીડન્સીયલ પ્રોજેક્ટ નો પ્લોટ નં ૧૩૧, માપ આશરે ૪૮.૦૦ ચો.વાર એટલે કે ૪૦.૧૩ ચો.મીટર અને ગામ ફોર્મ નં ૭/૧૨ અને કેજેપી મુજબ આ પ્લોટ રે.સ /બ્લોક નં. ૩૧૮/૧૩૧ માપ ૪૦.૧૯ ચો.મીટર તરીકે નોંધાયેલ છે. જે ૨૨.૮૨ ચો.મી ના રોડ/ સીઓપી જમીના વણવહેચાયેલ હિસ્સા સહિત આખી સોસાયટી બિન ખેતી જમીન રેવન્યુ સર્વે નં ૨૪૭/૧, બ્લોક નં ૨૯૬, અને અત્યારે રી-સર્વે /એકત્રીકરણ પછી આ જમીન નવો રે.સ./ બ્લોક નં. ૩૧૮ માપ ૧૨૮૮૯ ચો.મી. ગામ. હલધરૂ, સબ ડિસ્ટ્રીક્ટ. કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનોપ્લોટ નં. ૧૨૨, **પશ્ચિમ તરફ** : જોડેની સોસાયટીનો આંતરીક રોડ, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં ૧૩૦, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૩૨

તારીખ : ૧૩.૦૫.૨૦૨૬ સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, મઢી શાખા, સુરત.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ગોથાણ શાખા : ગોથાણ વસવારી રોડ, ગોથાણ, સુરત, ગુજરાત-૩૯૪૧૩૦ (મો.): ૮૯૮૦૦ ૨૬૭૨૫ Email : gothan@bankof baroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)[ધારા ૧૩(૪) સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૦૧.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી નીકુંજ ભોલાભાઈ ડોંગા (દેવાદાર), અને શ્રીમતી જયાબેન ભોલાભાઈ ડોંગા (સહદેવાદાર)** નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૨૨,૦૦,૪૫૦.૪૯/- (રૂપિયા બાવીસ લાખ ચારસો પચાસ અને ઓગણપચાસ પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તિની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો કબજો **તારીખ ૧૨મી મે સને ૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.**

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૨,૦૦,૪૫૦.૪૯ વત્તા** અન્ય ચાર્જીસ અને તેના પર વ્યાજ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'ધ શેરટોન ટાવર' ની બિલ્ડીંગ નં. 'એ' ના ૯મા માળ નો ફ્લેટ નં. ૯૦૧ માપ ૬૫.૯૨ ચો.મી બિલ્ટઅપ એરિયા અને ૧૨૪૩.૫૦ ચો.ફુટ સુપર બિલ્ટઅપ એરિયા ૧૭.૫૨૮ ચો.મી સાથે વણવહેચાયેલ હિસ્સા ની જમીન ના તામામ હક સહિત બાંધકામ, થયેલ બ્લોક નં.૨૭૪ માપ ૫૧૬૦ ચો.મીટર ટી.પી.સ્કીમ નં. ૮૪ (કોસાડ-ભરથાણા, કોસાડ-મોટા વરાછા- અબ્રામા) ફાઈનલ પ્લોટ નં. ૮૦ માપ ૩૦૯૬ ચો.મી મોજે ગામ ભરથાણા-કોસાડ, સબડિસ્ટ્રીકટ. ચોર્યાસી, જી.સુરત ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા (વેચાણ દસ્તાવેજ મુજબ) : પૂર્વ તરફ** : જોડેની બિલ્ડીંગનું પાર્કિંગ, **પશ્ચિમ તરફ** : જોડેની સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : જોડેની સોસાયટી રોડ અને સોસાયટી ગાર્ડન, **દક્ષિણ તરફ** : જોડેનો સોસાયટી રોડ અને બિલ્ડીંગ નં બી આવેલ છે.

તા. : ૧૨.૦૫.૨૦૨૬ સ્થળ : સુરત અધિકૃત અધિકારી,બેંક ઓફ બરોડા, ગોથાણ શાખા, સુરત